**કેટરિંગ ટ્રક થકી ગુપ્ત રીતે નાનકડા જેટમાં સવાર થયા ટ્રમ્પ: અંકારા એરપોર્ટ પર થઈ સ્પાય ફિલ્મ જેવી ઘટના**

# ઇરાનની ધમકીને કારણે ટ્રમ્પે ગુપ્ત રીતે વિમાન બદલી નાખ્યું

**‘એરફોર્સ-વન’**ને બદલે લશ્કરી વિમાનમાં મુસાફરી કરી

**ગયા** મહિને તુર્કીમાં યોજાયેલ નાટોની સમિટ પતાવીને પરત ફરતા ટ્રમ્પને ગુપ્ત રીતે એક લશ્કરી વિમાનમાં લઇ જવાયા, તેઓ ‘એરફોર્સ-વન’માં જ મુસાફરી કરી રહ્યા છે તેવો દેખાવ ઉભો કરાયો

**જો કે** વોશિંગ્ટન પોસ્ટના આ અહેવાલ અંગે વ્હાઇટ હાઉસે કોઇ સત્તાવાર પ્રતિભાવ આપ્યો નથી



## ટ્રમ્પને પહેલા ‘એરફોર્સ વન’માં બેસાડાયા, પછી ગુપ્ત રીતે લશ્કરી વિમાનમાં ખસેડાયા

**ટ્રમ્પને** બીજા વિમાનમાં ખસેડવા માટે એરપોર્ટની કેટરિંગ ટ્રકનો ઉપયોગ કરાયો

અંકારામાં, ટેલિવિઝન કેમેરાની નજર સામે ટ્રમ્પ યુનાઇટેડ કિંગડમના રોયલ એરફોર્સ મિલ્ડનહોલ તરફ ઉડાન ભરતા પહેલા જૂના ‘એરફોર્સ વન’ જમ્બો જેટમાં સવાર થયા હતા. જો કે, પોસ્ટના અહેવાલ અનુસાર, જૂના એરફોર્સ વન જેટમાં સવાર થયાની મિનિટો બાદ જ, તેમને ગુપ્ત રીતે એક નાના વિમાન - ‘એરફોર્સ C-32A’માં ખસેડવામાં આવ્યા હતા. આ માટે એરપોર્ટના કેટરિંગ ટ્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનો ઉપયોગ સામાન્ય રીતે ભોજન અને અન્ય સામગ્રી લોડ કરવા માટે થાય છે. ટ્રમ્પને ગુપચુપ તે ટ્રકમાં બેસાડાયા હતા અને તેમાંથી ગુપ્ત રીતે નાના જેટમાં ખસેડી લેવાયા હતા. ટ્રમ્પે તે નાના જેટમાં મિલ્ડનહોલ સુધીની મુસાફરી કરી હતી.

## અમેરિકી પ્રમુખનું વિમાન બદલવાની આ પહેલી ઘટના નથી

અમેરિકી પ્રમુખની સુરક્ષા ચિંતાઓ માટે આવી વ્યૂહરચના અમલમાં મૂકવામાં આવી હોય તેવું આ પહેલીવાર નહોતું. વર્ષ 2000માં, તત્કાલીન પ્રમુખ બિલ ક્લિન્ટને ઇસ્લામાબાદમાં ટૂંકા રોકાણ માટેની વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે એરફોર્સ વનને બદલે એક માર્કિંગ વગરના ગલ્ફસ્ટ્રીમ વિમાનમાં ભારતથી પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો.

વોશિંગ્ટન, ૧૧ ઓગસ્ટઃ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા મહિને તુર્કીના અંકારામાં યોજાયેલી નાટો સમિટમાંથી રવાના થયા બાદ ગુપ્ત રીતે એક વૈકલ્પિક સૈન્ય વિમાન દ્વારા ઉડાન ભરી હતી, જ્યારે વ્હાઈટ હાઉસે એવો દેખાવ કર્યો હતો કે રિપબ્લિકન પ્રમુખ પ્રમુખીય વિમાન ‘એરફોર્સ વન’માં મુસાફરી કરી રહ્યા છે, તેમ સોમવારે ‘ધ વોશિંગ્ટન પોસ્ટ’ દ્વારા પ્રકાશિત અહેવાલમાં જણાવાયું છે. ગયા મહિને ટ્રમ્પ અમેરિકા પરત જતી વખતે તુર્કીથી બ્રિટન જઈ રહ્યા હતા ત્યારે તેહરાન સાથે વધતા લશ્કરી તણાવ વચ્ચે યુએસ ઈન્ટેલિજન્સે ઈરાન સાથે જોડાયેલા એક વિશ્વસનીય જોખમ તરફ ઈશારો કર્યો હતો, જેના પગલે ટ્રમ્પે ગુપ્ત રીતે પોતાનું વિમાન બદલ્યું હતું, એમ એક મીડિયા અહેવાલમાં જણાવાયું છે.

ધ પોસ્ટે જણાવ્યું હતું કે આ ઓપરેશન ટ્રમ્પ વિરુદ્ધ ઈરાની આત્મઘાતી હુમલાની ધમકીને કારણે હાથ ધરવામાં આવ્યું હતું. આ યોજનાને એવી રીતે અંજામ આપવામાં આવ્યો હતો કે જેથી પત્રકારો અને વ્હાઈટ હાઉસના કેટલાક સ્ટાફ સભ્યોને એવું જ લાગ્યું કે તેઓ પ્રમુખની સાથે તે જ વિમાનમાં સવાર છે, જ્યારે પ્રમુખે નાટો દેશોના નેતાઓની વાર્ષિક બેઠક પૂરી કરીને અંકારાથી વોશિંગ્ટન પરત ફરવાની મુસાફરી શરૂ કરી હતી. ધ પોસ્ટે અખબાર દ્વારા સમીક્ષા કરાયેલી સામગ્રીમાં આ ઓપરેશનથી વાકેફ એક અમેરિકી અધિકારી અને પ્રમુખની મુસાફરીની માહિતી ધરાવતી અન્ય એક વ્યક્તિનો હવાલો આપ્યો છે. ટ્રમ્પ આ સમિટમાં કતાર દ્વારા ભેટમાં આપેલા અને નવેસરથી તૈયાર કરાયેલા લાલ, સફેદ અને નેવી બ્લુ રંગના નવા જેડ વિમાનમાં ગયા હતા. પરંતુ તુર્કીથી રવાના થતાં પહેલાં, તેમણે કહ્યું હતું કે તેઓ ઘર વાપસીની અડધી મુસાફરી જૂના મોડલના આછા વાદળી રંગના એરફોર્સ વન વિમાનમાં કરશે. પ્રમુખએ તે સમયે જણાવ્યું હતું કે, પૂર્વ ઈંગ્લેન્ડમાં તૈનાત કેટલાક યુએસ સૈનિકોને નવું એરફોર્સ વન જોવાની તક મળે તે માટે નવું લક્ઝરી જેટ વિમાન અંકારાથી તેમના પ્રસ્થાન પહેલાં જ રવાના કરવામાં આવી રહ્યું છે.

વ્હાઈટ હાઉસે ટ્રમ્પને ત્રીજા વિમાનમાં દેશની બહાર લઈ જવાના ગુપ્ત ઓપરેશન અથવા તેઓ મિલ્ડનહોલ જઈ રહેલા આછા વાદળી એરફોર્સ વન જેટમાં જ સવાર છે તેવો દેખાવ કરવા માટે ઘડાયેલી આ વિસ્તૃત યોજના અંગેના પોસ્ટના અહેવાલ પર સીધો કોઈ જવાબ આપ્યો નથી. વ્હાઈટ હાઉસના કોમ્યુનિકેશન્સ ડિરેક્ટર સ્ટીવન ચેંગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રમુખએ તાજેતરમાં જ કહ્યું છે તેમ, અમેરિકાના એવા ઘણા દુશ્મનો છે જેમની નજર તેમના પર છે, અને અમે તે ધમકીઓનો સામનો કરવા માટે અમારી પાસે રહેલા તમામ સંસાધનોનો ઉપયોગ કરીએ છીએ.

## પેજ 3

### ‘વારાણસી’ના શૂટિંગ માટે મુંબઈ આવી પ્રિયંકા ચોપડા: સિદ્ધિવિનાયકના કર્યા દર્શન



મુંબઈ, તા. 11 : એક્ટ્રેસ પ્રિયંકા ચોપડા પોતાની અપકમિંગ ભારતીય ફિલ્મ ‘વારાણસી’ના શૂટિંગ માટે મુંબઈ પહોંચી છે. ભારત આવતાંની સાથે જ પ્રિયંકા મુંબઈ સ્થિત પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરમાં દર્શન કરવા પહોંચી હતી. પ્રિયંકા મંદિર પરિસરની બહાર ચપ્પલ વગર ખુલ્લા પગે ચાલતી જોવા મળી હતી, જ્યારે તેની સાથે ચાલી રહેલી વ્યક્તિના પગમાં ચપ્પલ દેખાયા હતા. પ્રિયંકાએ હાથ હલાવીને ફેન્સનું અભિવાદન કર્યું હતું અને પછી પોતાની કારમાં બેસીને રવાના થઈ ગઈ હતી. પ્રિયંકા ચોપડા ઘણા સમય પછી કોઈ ભારતીય ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે. તે નિર્દેશક એસ.એસ. રાજામૌલીની અપકમિંગ ફિલ્મ ‘વારાણસી’માં જોવા મળશે. આ ફિલ્મમાં તેની સાથે સાઉથ સ્ટાર મહેશ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન મુખ્ય ભૂમિકામાં છે.

### અભિનેત્રી કોમલ રાની સાથે ગોવિંદા દેખાતાં પત્ની સુનીતા ભડક્યાં: “એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે”





મુંબઈ, તા. 11 : ગોવિંદાને અભિનેત્રી કોમલ રાની સાથે જોવા મળવા અંગેના સવાલ પર પ્રતિક્રિયા આપતાં પત્ની સુનીતા આહુજાએ કહ્યું હતું કે, ‘‘ગોવિંદાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે.’’ વાસ્તવમાં, સોમવારે જ્યારે એક પેપરાઝીએ સુનીતા આહુજાને પૂછ્યું કે ગોવિંદા સર પણ કોમલ મેમ સાથે જોવા મળ્યા, ફિલ્મનું પ્રમોશન શરૂ થયું? આના પર સુનીતાએ કહ્યું કે એક કહેવત સાંભળી છે- ‘‘વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.’ અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. એટલે જ આ બધું કરે છે. હવે શું બોલવું?’’ ત્યાં જ જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે સોશિયલ મીડિયા પર ગોવિંદાને ‘ચીટર નંબર 1’ કહેવામાં આવી રહ્યો છે, તો સુનીતાએ કહ્યું કે, ‘‘આ સવાલ ગોવિંદાના ફેન્સને પૂછો.’’

### ઉર્મિલા માતોંડકરના એક્સ-હસબન્ડ મોહસિને કર્યા બીજા લગ્ન





મુંબઈ, તા. 11 : ઉર્મિલા માતોંડકરના પૂર્વ પતિ મોહસિન અખ્તરે તેમનાં બીજાં લગ્નના રિસેપ્શનની ઘણી નવી તસવીરો શેર કરવા માટે ઇન્સ્ટાગ્રામનો સહારો લીધો હતો. તેમણે પત્ની નિધા ભટ્ટ માટે એક નોંધ પણ લખી હતી અને કહ્યું હતું કે, તે માત્ર તેમની પત્ની નથી બની પરંતુ તેમનું ‘ઘર અને શાંતિ’ પણ બની છે. આ દરમિયાન ઉર્મિલાએ તેના સોશિયલ મીડિયા પર ‘પ્રેમ અને વફાદારી’ પર એક ગુપ્ત નોંધ પોસ્ટ કરી હતી. મોહસિનની પોસ્ટમાં રિસેપ્શનની તસવીરો સામેલ હતી, જ્યાં તેમણે ગુલાબી શેરવાની પહેરી હતી. નિધા લાલ પોશાકમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. કેપ્શનમાં, મોહસિને લખ્યું, “તમે માત્ર મારી પત્ની જ નથી બન્યા. તમે મારું ઘર, મારી શાંતિ અને મારા દરેક દિવસનો મારો પ્રિય ભાગ બન્યા છો.“

# ઇરાનની વળતરની માગ સામે ટ્રમ્પે માર્યા ગયેલા અમેરિકનો માટે વળતર માગ્યું

**દાયકાઓથી** ઇરાન અને તેના ટેકેદારો ઉગ્રવાદીઓના ઉધામાને કારણે માર્યા ગયેલા સેંકડો અમેરિકન સૈનિકો અને નાગરિકો માટે ટ્રમ્પ વળતર માગે છે

**ઇરાન** સરકારના દમનમાં માર્યા ગયેલા ઇરાની વિરોધ પ્રદર્શનકારીઓનાં મોત બદલ પણ વળતર આપવા કહ્યું

### વિભાજનના સંકેતો વચ્ચે ઇરાનના લીડર ‘એકતા’ની હાકલ કરે છે

ઈરાનના પ્રમુખે સોમવારે જણાવ્યું હતું કે દેશના સર્વોચ્ચ નેતા એકતા અને સુમેળ માટે હાકલ કરી રહ્યા છે, કારણ કે ઈસ્લામિક રિપબ્લિક (ઈરાન) અમેરિકા સાથેના તેના યુદ્ધને કારણે આર્થિક મુશ્કેલીઓ અને પ્રતિબંધોનો સામનો કરી રહ્યું છે. દરમ્યાન, ઇરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઇએ રિવોલ્યુશનરી ગાર્ડના ભૂતપૂર્વ વડાની નિમણૂક દેશની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના વડા તરીકે કરી છે.

વૉશિંગ્ટન, દુબઇ, તા. ૧૧: કરાર માટે ઈરાને મૂકેલી નવી શરતોમાં એક શરત એ પણ છે કે અમેરિકા ઈરાનને યુદ્ધને કારણે થયેલ નુકસાન બદલ વળતર આપે. આની સામે વળતા પ્રહારમાં અમેરિકી પ્રમુખ ટ્રમ્પે એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે ઈરાને તે તમામ અમેરિકી સૈનિકો અને નાગરિકોના મોત બદલ વળતર આપવું જોઈએ જેઓ દાયકાઓથી ઈરાન અને તેના સમર્થકોના ઉધામાઓને કારણે વિવિધ સ્થળે માર્યા ગયા છે.

દાયકાઓના આર્થિક પ્રતિબંધો ઈરાનને અણુ કાર્યક્રમમાં આગળ વધતા રોકી શક્યા નથી ત્યારે હવે ટ્રમ્પ એવું ધારે છે કે તેમની આ નવી વ્યુહરચના ઈરાનને ઘૂંટણિયે પાડી શકશે. સોમવારે ટ્રમ્પની સોશિયલ મીડિયા પોસ્ટ ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈના એ નિવેદન પછી આવી છે, જેમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યાં સુધી અમેરિકા તેમની શરતો પૂરી નહીં કરે ત્યાં સુધી ઈરાન હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલશે નહીં. તેહરાન ઈચ્છે છે કે અમેરિકા ઈરાની બંદરોની નાકાબંધી ખતમ કરે, આર્થિક પ્રતિબંધો હટાવે અને ઈરાનની જપ્ત કરાયેલી સંપત્તિ મુક્ત કરે. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકાએ યુદ્ધના નુકસાન માટે વળતર ચૂકવવું પડશે. ટ્રમ્પે જવાબ આપ્યો કે તેઓ હવે ઈરાન પાસેથી એવા તમામ લોકો માટે વળતરની માંગ કરી રહ્યા છે, જેમને તેઓએ રોડસાઈડ બોમ્બ અને અસંખ્ય સંઘર્ષો દ્વારા માર્યા છે અને ગંભીર રીતે ઘાયલ કર્યા છે.

અમેરિકી સરકારે કેટલાય દાયકાઓથી સેંકડો અમેરિકનોના મોત અને ઈજા માટે ઈરાન સમર્થિત ઉગ્રવાદીઓને જવાબદાર ગણાવ્યા છે. આમાં ૧૯૮૩માં બેરુતમાં મરીન કમ્પાઉન્ડ પર થયેલો બોમ્બ બ્લાસ્ટ સામેલ છે જેમાં ૨૪૧ અમેરિકી સૈન્ય કર્મચારીઓ માર્યા ગયા હતા, તેમજ ૨૦૦૩થી ૨૦૧૧ વચ્ચે ઈરાકમાં ઓછામાં ઓછા ૬૦૩ અમેરિકી સૈનિકોના મોત થયા હતા. ટ્રમ્પે કહ્યું કે તેઓ ઈચ્છે છે કે તેહરાન તે ઈરાની પ્રદર્શનકારીઓના પરિવારોને પણ વળતર આપે જેઓ ઈરાનની કાર્યવાહીમાં માર્યા ગયા હતા.

## સોનિયાએ મનમોહનને ગણાવ્યા સૌથી પરિણામી વડા પ્રધાન

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ): કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ મંગળવારે પૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહને ભારતના ‘સૌથી અર્થપૂર્ણ’ વડા પ્રધાનોમાંના એક ગણાવતા કહ્યું કે ઈતિહાસ તેમને શાંત અને સૌમ્ય, પરંતુ અત્યંત અસરકારક નેતા તરીકે યાદ રાખશે. ‘ધ હિન્દુ’માં પ્રકાશિત લેખમાં તેમણે મનમોહન સિંહની પ્રામાણિકતા અને તેમના વડા પ્રધાન તરીકેના કાર્યકાળની પ્રશંસા કરી હતી.

સોનિયાએ કહ્યું કે 29 જુલાઈ, 2026નો દિવસ ભારતીય રાજકીય ઈતિહાસમાં મહત્વનો છે. આ દિવસે સુપ્રીમ કોર્ટે કથિત કોલ બ્લોક ફાળવણી કેસમાં મનમોહન સિંહને CBI દ્વારા આપવામાં આવેલી ક્લોઝર રિપોર્ટને માન્ય રાખી હતી. કોર્ટના આ નિર્ણય બાદ પૂર્વ વડા પ્રધાન સામેનો કેસ ઔપચારિક રીતે સમાપ્ત થયો છે.

તેમણે આરોપ લગાવ્યો કે મનમોહન સિંહને નિશાન બનાવીને લાંબા સમય સુધી કરવામાં આવેલી એકતરફી અને અન્યાયી તપાસ/આક્ષેપોની ઝુંબેશ ચલાવવામાં આવી હતી અને તેમના પર લગાવવામાં આવેલા ભ્રષ્ટાચારના આરોપો અંતે પાયાવિહોણા સાબિત થયા.

સોનિયાએ મનમોહન સરકારની આર્થિક નીતિઓ અને સામાજિક યોજનાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તેમના કાર્યકાળ દરમિયાન આર્થિક વૃદ્ધિ, ખાનગી રોકાણ અને ગરીબી ઘટાડવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ હતી. રાઈટ ટુ એજ્યુકેશન, OBC અનામત, ફોરેસ્ટ રાઈટ્સ એક્ટ, મનરેગા અને નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ જેવી પહેલોનો પણ તેમણે ઉલ્લેખ કર્યો.

તેમણે RTI કાયદો અને ભારત-અમેરિકા પરમાણુ કરારને પણ મનમોહન સિંહ સરકારની મહત્વપૂર્ણ સિદ્ધિઓ ગણાવી. સોનિયાએ કહ્યું કે તેમના પર થયેલા આક્ષેપો ખોટા સાબિત થયા છે અને તેમનો કાર્યકાળ ભારતના આર્થિક, રાજકીય અને સામાજિક વિકાસનો મહત્વપૂર્ણ સમય હતો.

### વિદ્યાર્થીઓ બાદ વડા પ્રધાન કદાચ પોતાને પણ માફ કરી શકે

વડા પ્રધાન મોદી પર કટાક્ષ કરતાં ગાંધીએ કહ્યું કે તેઓ આજકાલ પોતાના પર હુમલો કરનારા ભારતના વિદ્યાર્થીઓને “માફ” કરી રહ્યા છે, ત્યારે કદાચ આ તકનો ઉપયોગ કરીને તેઓ મનમોહન સિંહ વિરુદ્ધ કરેલી અયોગ્ય અને અપમાનજનક ટીકા માટે પોતાને પણ માફ કરી શકે.

# સીરિયાના ભૂતપૂર્વ પ્રમુખ બશર અસ્સાદને યુદ્ધ ગુનાઓ બદલ મોતની સજા

**બશર** અને તેમના નાના ભાઇ માહેરને તેમની ગેરહાજરીમાં અદાલતે મોતની સજાનો આદેશ આપ્યો, બંને ભાઇઓ હાલ રશિયામાં છે

**બશરના** પિતરાઇ ભાઇ નજીબને પણ ક્રૂરતાઓ બદલ દેહાંત દંડ સંભળાવાયો, નજીબ અદાલતમાં હાજર હતો

દમાસ્કસ, ૧૧ ઓગસ્ટ (AP): સીરિયાની એક અદાલતે મંગળવારે દેશના પદભ્રષ્ટ પ્રમુખ બશર અસ્સાદ અને તેમના નાના ભાઈને તેમની ગેરહાજરીમાં ફાંસીની સજા ફટકારી છે. સીરિયામાં ૧૪ વર્ષ સુધી ચાલેલા સંઘર્ષ દરમિયાન માનવતા વિરુદ્ધના ગુનાઓ અને યુદ્ધ અપરાધો માટે તેમને આ સજા સંભળાવવામાં આવી છે. આ ગૃહયુદ્ધમાં અંદાજે ૫ લાખ લોકોનાં મોત થયા હતા.

દમાસ્કસની ફોર્થ ક્રિમિનલ કોર્ટ દ્વારા સંભળાવવામાં આવેલી આ સજા, અસદ પરિવારના પાંચ દાયકા શાસનનો અંત આવ્યાના ૨૦ મહિના પછી, અસદ અથવા તેમના નજીકના વર્તુળના સભ્યો વિરુદ્ધની પ્રથમ સજા છે. સરકારી ટીવી પર લાઈવ પ્રસારિત કરાયેલા કોર્ટ સત્ર દરમિયાન ન્યાયાધીશ ફખરેદ્દીન અલ-આર્યાને જણાવ્યું હતું કે, બશર અસદે યુદ્ધ અપરાધો અને માનવતા વિરુદ્ધના ગુનાઓ આચરવા માટે સરકારી એજન્સીઓનો દુરુપયોગ કર્યો હતો. અસદના માતૃપક્ષના પિતરાઈ ભાઈ આતિફ નજીબને પણ ફાંસીની સજા ફટકારવામાં આવી છે. નજીબ પર દક્ષિણના પ્રાંત દાર્રામાં કડક કાર્યવાહી અને અત્યાચાર ગુજારવાનો આરોપ સાબિત થયો હતો, જેના કારણે જ દેશમાં વિદ્રોહ ફાટી નીકળ્યો હતો અને પાછળથી તે ગૃહયુદ્ધમાં ફેરવાઈ ગયો હતો. અલ-આર્યાને જણાવ્યું હતું કે નજીબ આ ચુકાદા સામે અપીલ કરી શકે છે.

ચુસ્ત સુરક્ષા વચ્ચે, ન્યાયાધીશ જ્યારે સજા સંભળાવી રહ્યા હતા ત્યારે નજીબ કેદીના ગણવેશમાં પાંજરાની અંદર ઉભો હતો. ચુકાદો સાંભળવા માટે સેન્ટ્રલ દમાસ્કસમાં કોર્ટરૂમની બહાર મોટી ભીડ એકઠી થઈ હતી. નજીબના કથિત જુલમના પીડિતોના પરિવારોનું પ્રતિનિધિત્વ કરનારા એટર્ની અદનાન અલ-મસાલમેહે જણાવ્યું હતું કે,”આજનો દિવસ તમામ ઘાયલો, શહીદો, અટકાયત કરાયેલા લોકો અને જે સીરિયનોને પોતાનો દેશ છોડવાની ફરજ પડી હતી તે બધા માટે ન્યાયનો દિવસ છે. ડિસેમ્બર ૨૦૨૪ માં સરકારના પતન પછી બશર અસ્સાદ અને તેમનો ભાઈ માહેર રશિયા ભાગી ગયા હતા અને ત્યાં તેમણે રાજકીય આશ્રય મેળવ્યો હતો. સીરિયાના નવા શાસકોએ રશિયાને અસદ ભાઈઓને સોંપી દેવા વિનંતી કરી છે.

# મોદીની ગૌરવ સાથે સ્વતંત્રતા દિવસ ઉજવવાની અપીલ, વિકસિત ભારતનો સંકલ્પ લો

**‘મંગલ** મિલન’ બેઠકમાં મોદીને તિરંગા સાથે આવકાર, વંદે માતરમના નારા

**મોદીએ** પણ રાષ્ટ્રધ્વજ લહેરાવી અભિવાદનનો જવાબ આપ્યો

નવી દિલ્હી, તા. 11: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે દેશવાસીઓને સ્વતંત્રતા દિવસ ગૌરવ, સન્માન અને ભવ્યતા સાથે ઉજવવા તેમજ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ લેવા અપીલ કરી હતી. મોદીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને આ સંદેશ આપ્યો હતો. તેમણે સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવા અને દરેક ઘરમાં તિરંગો લહેરાવવાની અપીલ પણ કરી હતી.

મોદીએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પણ શેર કર્યો હતો, જેમાં NDAની સાપ્તાહિક સંસદીય દળની બેઠક ‘મંગલ મિલન’માં તેમના સ્વાગતનું દૃશ્ય જોવા મળે છે. સંસદ ભવન પરિસરના GMC બાલયોગી ઓડિટોરિયમમાં યોજાયેલી બેઠકમાં તેઓ પહોંચ્યા ત્યારે કેન્દ્રીય મંત્રીઓ અને NDAના સાંસદોએ તિરંગો લહેરાવીને ‘વંદે માતરમ’ અને ‘ભારત માતા કી જય’ના નારા લગાવી તેમનું સ્વાગત કર્યું હતું. મોદીએ પણ હાથમાં તિરંગો લઈને ઉપસ્થિત સભ્યો તરફ લહેરાવીને અભિવાદનનો જવાબ આપ્યો હતો.

**રિસર્ચ માટે કુલ 50 કરોડની જંગી ગ્રાન્ટ મળી!**

# વિશ્વના ટોચના 2% વૈજ્ઞાનિકોમાં પારૂલ યુનિ.ના 7 ફેકલ્ટીઝને સ્થાન

## પીએચડી અને સાયન્સના વિદ્યાર્થીઓ માટે વિશેષ R&D સેન્ટર

વડોદરા, ઓગસ્ટ, 2026: NAAC A++ માન્યતા ધરાવતી પારૂલ યુનિવર્સિટી રિસર્ચ અને ઈનોવેશનના એક મહત્વપૂર્ણ સેન્ટર તરીકે પોતાની ઉપસ્થિતિને સતત મજબૂત કરી રહી છે. વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સ વચ્ચે ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, પેટન્ટ્સ, કોપીરાઈટ્સ, ટ્રેડમાર્કની મહત્વતાને પ્રોત્સાહન આપતાં યુનિ.એ તેના અદ્યતન કેમ્પસમાં એક મજબૂત ઈકોસિસ્ટમ વિકસિત કરી છે, જેનાથી રિસર્ચને એક પ્રભાવી ઈનોવેશનમાં તબદીલ કરવામાં મદદ મળી રહે.

QS I-GAUGE ઈન્ડિયન યુનિવર્સિટી રેટિંગ્સમાં ડાયમંડ રેટિંગ ધરાવતી યુનિ.ના 11 ફેકલ્ટી મેમ્બર્સના પ્રતિનિધિમંડળે લંડન મેટ્રોપોલિટન યુનિવર્સિટી દ્વારા આયોજિત FICTA 2025માં તેમના રિસર્ચ રજૂ કર્યાં છે, જે આંતરરાષ્ટ્રીય ભાગીદારી અને નોલેજ એક્સચેન્જ માટેના યુનિ.ના કેન્દ્રીત પ્રયાસો દર્શાવે છે.

ગુજરાત સરકાર પાસેથી સેન્ટર ઓફ એક્સેલન્સનો પ્રતિષ્ઠિત દરજ્જો ધરાવતી પારૂલ યુનિ.ને ઈલેક્ટ્રોલિસિસ અને રિન્યૂએબલ એનર્જીના એકીકરણથી ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન પ્રોજેક્ટ માટે અને યુકેની રોયલ એકેડમી ઓફ એન્જિનિયરિંગ તરફથી 65,000 પાઉન્ડની જંગી ગ્રાન્ટ મેળવી છે. તાજેતરમાં ભારત સરકારના બાયોટેકનોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીઆઈઆરએસી) દ્વારા સોશિયલ ઈનોવેશન માટે સ્પર્શ સેન્ટરની સ્થાપના માટે યુનિ.ને રૂ. 4.02 કરોડની ગ્રાન્ટ ફાળવાઈ છે. આ પ્રકારની ગ્રાન્ટ મેળવનાર આઈઆઈટી જેવી દેશની ટોચની 15 સંસ્થાઓમાં પારૂલ યુનિ. પણ સામેલ થઈ છે.

### સરકારી અને ખાનગી કંપનીઓએ કેટલી ગ્રાન્ટ આપી

| ઇન્સ્ટિટ્યૂટ/કંપની | ગ્રાન્ટની રકમ (રૂ.માં) |
|---|---|
| બાયોટેકનોલોજી ઇન્ડસ્ટ્રી રિસર્ચ આસિસટન્સ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા, ભારત સરકાર | રૂ. 4.02 કરોડ |
| ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ | રૂ. 3.25 કરોડ |
| રોયલ એકેડમી ઓફ એન્જિનિયરીંગ | રૂ. 1.78 કરોડ |
| સ્ટાર્ટઅપ ઇન્ડિયા સીડ ફંડ | રૂ. 1.45 કરોડ |
| ઇન્ડસ્ટ્રીઝ કમીશનર, ગુજરાત સરકાર | રૂ. 1.17 કરોડ |
| ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મીશન | રૂ. 93.93 લાખ |
| જીએસબીટીએમ - GSBTM | રૂ. 54.39 લાખ |
| ક્લાઇમેટ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર | રૂ. 54.12 લાખ |
| ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગુજરાત સરકાર | રૂ. 40.42 લાખ |
| સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન આયુર્વેદ સાયન્સીઝ | રૂ. 28.45 લાખ |
| ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો) | રૂ. 22.52 લાખ |
| મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમિલિ વેલ્ફેર | રૂ. 18.32 લાખ |
| ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ભારત સરકાર | રૂ. 13.08 લાખ |
| એઆઇસીટીઇ - AICTE | રૂ. 12.83 લાખ |
| આઇ-હબ - iHUB | રૂ. 7.2 લાખ |

### 31 પેટન્ટને મંજૂરી અને 104 કોપીરાઇટ્સ રજિસ્ટર

ઈનોવેશન પ્રત્યે યુનિ.ની કટીબદ્ધતા તેની પ્રભાવી ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી માટેની સિદ્ધિમાં જોવા મળે છે. અત્યાર સુધીમાં 31 પેટન્ટ્સને મંજૂરી મળી છે તેમજ 495થી વધુ પેટન્ટ એપ્લિકેશન ફાઈલ કરાઈ છે, જે રિસર્ચ-સંચાલિત ઈનોવેશન માટેના યુનિ.ના પ્રયાસોને દર્શાવે છે. આ ઉપરાંત યુનિ.એ 100થી વધુ કોપીરાઈટ્સ રજિસ્ટર કર્યાં છે તેમજ 175થી વધુ કોપીરાઈટ્સ સબમીટ કરાઈ છે. યુનિ.ની 37 ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈનને મંજૂરી મળી છે તથા 45 ડિઝાઈન સબમીટ થઈ છે, જે ઈનોવેશનમાં વૈવિધ્યતા સૂચવે છે. ટ્રેડમાર્ક્સના ફાઈલિંગ અને સફળ ટેક્નોલોજી ટ્રાન્સફર રિસર્ચને રિયલ-વર્લ્ડ એપ્લિકેશનમાં તબદીલ કરવાના પ્રયાસોનો ઉત્તમ પુરાવો છે.

ઉલ્લેખનીય છે કે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઉપર યુનિ.ના કેન્દ્રિત પ્રયાસોને લક્ષ્યમાં રાખતાં વિવિધ સરકારી સંસ્થાઓ, બિન-સરકારી સંસ્થાઓ, આંત્રેપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સેન્ટર અને કન્સલ્ટન્સી તરફથી કુલ રૂ. 49.29 કરોડની ગ્રાન્ટ મળી છે. મહત્વપૂર્ણ છે કે આ ગ્રાન્ટમાં સ્ટાર્ટ-અપ્સનો હિસ્સો રૂ. 8.6 કરોડ થવા પામે છે, જે સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવાના તથા તેમના ઈન્ક્યુબેશન માટેના યુનિ.ના પ્રયાસો દર્શાવે છે. તે ઉપરાંત બિન-સરકારી સંસ્થાનોમાં ડાબર જેવાં પ્રતિષ્ઠિત સંસ્થાઓ પણ સામેલ છે કે જેણે આરએન્ડડી માટે નોંધપાત્ર ગ્રાન્ટ ફાળવી છે.

# લોકસભામાં ચર્ચા વિના વધુ 2 બિલ પાસ, ગૃહમાં ગતિરોધ યથાવત્

**કેરળનું** નામ ‘કેરલમ’ કરવા સહિતના બિલ ધ્વનિમતથી મંજૂર

દિલ્હીના વિદ્યાર્થી પ્રદર્શન મામલે અમિત શાહની હાજરીની વિપક્ષની માગ

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ): લોકસભામાં મંગળવારે વિપક્ષના વિરોધ વચ્ચે વધુ બે બિલ ચર્ચા વિના પાસ કરવામાં આવ્યા. તેમાં કેરળનું નામ બદલીને ‘કેરલમ’ કરવાનો પ્રસ્તાવ ધરાવતા બિલનો પણ સમાવેશ થાય છે. દિલ્હી ખાતે 20 જુલાઈના વિદ્યાર્થી પ્રદર્શન દરમિયાન કથિત પોલીસ કાર્યવાહીના મુદ્દે ગૃહમંત્રી અમિત શાહની હાજરીની માગ સાથે વિપક્ષના સભ્યોએ સતત સૂત્રોચ્ચાર કર્યા હતા. બે બિલ પાસ થયા બાદ લોકસભાની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દેવામાં આવી. સરકારે સોમવારે વિવિધ રાજ્યોમાં વિદ્યાર્થી અને યુવા આંદોલન અંગે ચર્ચા અને અમિત શાહના જવાબની ઓફર કરી હતી, પરંતુ કોંગ્રેસે સ્પષ્ટ કર્યું કે શાહે માત્ર સામાન્ય મુદ્દાઓ પર જવાબ આપવો સ્વીકાર્ય નથી. વિપક્ષે 20 જુલાઈના વિરોધ દરમિયાન વિદ્યાર્થીઓ સામે કથિત પેલેટ ગનના ઉપયોગ અંગે સ્પષ્ટ જવાબની માગ કરી છે. અયોધ્યાના રામ મંદિરના દાનની કથિત ચોરી અંગે ચર્ચા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની માફીની માગ પણ કોંગ્રેસે કરી છે.

સ્પીકર ઓમ બિરલાએ વારંવારની કાર્યવાહી ખોરવાવા અંગે દુઃખ વ્યક્ત કરીને સરકાર અને વિપક્ષને સમાધાનનો માર્ગ શોધવા અપીલ કરી હતી. અમિત શાહ ગૃહમાં ગેરહાજર રહ્યા. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે કેરળનું નામ ‘કેરલમ’ કરવા અંગેનું બિલ રજૂ કર્યું, જે ધ્વનિમતથી પાસ થયું.